દાખલ તારીખ – ૦૧/૦૧/૨૦૧૯

નોઘ્યા તારીખ – ૦૧/૦૧/૨૦૧૯

ફેસલ તારીખ – ૧૪/૦૨/૨૦૧૯

સમય ગાળો : વર્ષ માસ દિવસ

આંક–૦૯

વાંકાનેરના મહે.બીજા એડીશનલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ સાહેબની કોર્ટમાં મુકામ–વાંકાનેર.

<u>ફોજદારી કેસ નં.૦૧/૨૦૧૯</u>

શ્રી સ ર કા ર . . . .. . . . . . . . . . ફરીયાદી

વિ રૂ દ્ધ

મહેશસીંગ દેવેન્દ્રસીંગ ભદોરીયા

રહે.જુના જાંબુડીયા તા.મોરબી......................આરોપી

ગુન્હો:ભારતીયદંડસંહિતાનીકલમ–૨૮૩મુજબ.

---

શ્રી સરકાર તરફેવિ.એ.પી.પી.શ્રી દરજી.
આરોપીઓ તરફે વિ.વ.શ્રી બી.એ.જાડેજા

---

:: ઠ રા વ ::

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ તા.૧૯/૦૭/૨૦૧૮ નારોજ કલાક ૧૮–૦૦ વાગ્યા ના સુમારે પોતાના હવાલાવાળી હીરો હોન્ડા મોટરસાયકલ ને જાહેરરોડ ઉપર ભય ઉભો કરી, ટ્રાફિકને અડચણ થાય તે રીતે ઉભી રાખી મળી આવી ગુન્હો કરેલ છે, તે મતલબની ફરીયાદીની ફરીયાદ ઉપરથી પોલીસે જરુરી કાર્યવાહી કરી અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરતા તેને હાલનો ફોજદારી કેસ નંબર

આપેલ છે.

(૨) આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપેલ છે, બાદમાં ઉપરોકત મુજબની પ્લી વાંચી સંભળાવવામાં આવતાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે, તેથી કામ આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

–:: <u>મૌખિક પુરાવો:–</u>

| | | | |
|---|---|---|---|
| ૧. | આંક–૬ | વશરામભાઈ દેવાયતભાઈ મેતા ની જુબાની. | |

–:: <u>દસ્તાવેજી પુરાવો :–</u>

| | | |
|---|---|---|
| ૧. | આંક–૭ | પંચનામુ |
| ૩. | આંક–૮ | અસલ ફરીયાદ |

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષનો રેકર્ડ પરનો પુરાવો જોતા આરોપીનું ક્રિ. પ્રો.કો. કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવું ઉચિત જણાયેલું ન હોય, બંનેપક્ષે દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત તમામ સંજોગોમાં કેસનાંમારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: મુ દા ઓ ::

(૧) શું ફરીયાદપક્ષ નીઃશંકરીતે સાબિત કરે છે કે, આ કામનાં આરોપીએ હવાલાવાળી હીરો હોન્ડા મોટરસાયકલ ને જાહેરરોડ ઉપર ભય

**ઉભો કરી, ટ્રાફિકને અડચણ થાય તે રીતે ઉભી રાખી મળી આવી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?**

**(૨) શું હુકમ ?**

**(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

**(૧) નકારાત્મક,**

**(૨) આખરી હુકમ મુજબ.**

**(૭) ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.**

**:: કા ર ણો ::**

**<u>મુદા નં. ૧:–</u>**

**(૮) હવે, આરોપી સામે મુકવામાં આવેલ ઈ.પી.કો.ક.૨૮૩,મુજબનુ ત્હોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો નીચે મુજબનો છે.**

**આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી આંક–૬થી ફરીયાદી પોલીસ સાહેદ વશરામભાઈ દેવાયતભાઈ મેતા તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે જાહેરરોડ પર તે તથા અન્ય પોલીસના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે આ કામનો આરોપી તેના હવાલાવાળી હીરો હોન્ડા મોટરસાયકલ ને જાહેરરોડ ઉપર ભય ઉભો કરી, ટ્રાફિકને અડચણ થાય તે રીતે ઉભી રાખી, આરોપીએ ગુન્હો કરેલ હોય તેથી મે હાલની ફરીયાદ આપેલી, જે પી.એસ.ઓ. દવારા રજીસ્ટર્ડ કરી, આગળની તપાસ મને સોંપાયેલ તેથી મે ગુન્હાની તપાસમાં લાગતા–વળગતા સાહેદોના નીવેદનો નોંધી, પંચનામા**

પંચો રુબરુ કરી, આરોપી વિરુધ્ધ ગુન્હો બનતા જરુરી તમામ નીયમ મુજબની કામગિરી કરી, કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. તથા સદર સાહેદને આરોપીના વ.શ્રી દવારા ઉ.ત. કરવામાં આવેલ છે તેમાં જણાવેલ છે કે, ફરીયાદી અને ત.ક.અમલદાર હું જ છું, બનાવવાળી જગ્યાએ ઘણા બધા વાહનોની અવર–જવર રહે છે.

આ કામે આંક–૭ થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજુ કરવામાં આવે છે, પંચનામાની વિગતો જોતાં બનાવવાળી જગ્યા તે નેશનલ હાઈવે રોડ છે, ફરીયાદી તેઓની ફરયાદમાં આરોપીના હવાલાવાળા વાહન માણસોને જાહેરરોડમાં અડચણ થાય તેરીતે મુકેલ હોવાનું જણાવેલ છે, પરંતુ બનાવ સમયે આરોપીના વાહનથી શું અડચણ થયેલ, અને તેનાથી શું નુકશાન થયેલ તેવી કોઈ હકીકત જણાવેલ નથી, વાહન જે જગ્યાએ ઉભું રાખેલ હોય, તે જગ્યાનું સ્વરુપ, સ્થિતિ, અને ઉપયોગ તથા તે જગ્યામાના તે વખતના ખરેખરા ટ્રાફિકના પ્રમાણ તથા ત્યાંના વ્યાજબી રીતે અપેક્ષીત ટ્રાફિકના પ્રમાણ  સહીત તમામ સંજોગો ધ્યાને લેતાં  તેવું કૃત્ય જ ઉપરોકત વ્યાખ્યા અનુસાર ગુન્હો બની શકે.

વળી હાલના કેસમાં ફરીયાદીએ જ પોતાના કેસની તપાસ કરેલ છે, ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત નીયમોનુસાર ફરીયાદીની ફરીયાદ સબંધે તટસ્થ તપાસ થવા તપાસનીશ અધીકારી હોવા જોઈએ પરંતુ હાલના કેસમાં તેમ થયેલ નથી .

આમ આરોપીએ તેના હવાલાવાળા વાહનને જાહેર રોડ ઉપર ટ્રાફિકને અડચણ થાય તેરીતે મુકી ગુન્હો કરેલ હોય તેવી કોઈ હકીકત કયાંય જણાય આવતી નથી. તેમજ નામદાર ઉચ્ચ અદાલતોનાં પ્રતિપાદીત સિધ્ધાંતો

વંચાણે લેતાં એકસીડન્ટમાં વાહનની ઓળખ, વાહનની ઝડપ અને આરોપીની ઓળખ નીઃશંકરીતે સાબિત થવી જોઈએ આવી કોઈ હકીકત ફરીયાદ પક્ષે નિઃશંકરીતે સાબિત થતી ન હોય, ફરીયાદપક્ષ આરોપી સામેનો કહેવાતો ગુન્હો સાબિત કરવામાં સફળ રહેલ નથી, તેમ ઠરાવી મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ પરત્વે તથા કેસના આખરી નીકાલ સારું ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

:: હુ ક મ ::

૧. આ કામના આરોપીને સી. આર. પી. સી. કલમ–૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબનાં ગુન્હામાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના ખત તથા જામીનખત સી.આર.પી.સી.ક.–૪૩૭(૧) અન્વયે આગામી ૬–માસ માટે અમલમાં રહેશે.

હુકમ આજરોજ ખુલ્લા ન્યાયાલયમાં ઘોષિત કર્યો.

( અમિષ પ્રફુલચંદ જોષી )
બીજા એડી. જયુડી. મેજી. ફ. ક.,
GJ 01446
વાંકાનેર.

વાંકાનેર
તારીખ :–૧૪/૦૨/૨૦૧૯